ગાંધીનગર સમાચાર

તા. ૨૪-૫-૨૦૧૫, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### કેજરીવાલને હાંસિયે ધકેલવાના કારસા

ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિત તમામ રાજકીય પક્ષોએ દિલ્હી વિધાનસભાની ચૂંટણી વખતે રાજયને પૂર્ણ રાજયનો દરજ્જો આપવાની હૈયાધારણ આપી હતી. પૂર્ણ રાજયના દરજ્જા વગર ચૂંટાયેલી સરકાર એના એજન્ડાને સાકાર ન રી શકે તે સમજી શકાય એમ છે. કેજરીવાલ જેવા 'ડાઈનેમિક સી.એમ.' માટે ઉપરાજયપાલના અંકુશમાં રહેવું મુશ્કેલ છે. એમણે પોતાના ભ્રષ્ટાચાર સામેનાં જંગમાં કેન્દ્ર આડખીલીઓ ઊભી કરી રહ્યું હોવાનો ખુલ્લો આક્ષેપ કર્યો છે. ઉપરાજયપાલે એમની ખુરશી બચાવવા કેન્દ્ર સરકારના વ્યૂહાત્મક રાજકારણના હાથા તરીકે કામ કરવા માંડ્યું હોવાથી કેજરી સરકાર સાથે અનિવાર્યપણે સંઘર્ષમાં ઊતરવું પડ્યું છે. જયાં મોટા ભાગના નિર્ણયો ચૂંટાયેલી સરકારના મંત્રીમંડળની સલાહ મુજબ લેવા એવો સ્પષ્ટ નિર્દેશ છે. ત્યાં દિલ્હીના ઉપરાજયપાલ સરકારે લીધેલ નિર્ણયોને રદબાદલ કરવાની નિંદનીય કામગીરી કરી રહ્યા છે. રાજય સરકારને મર્યાદિત અધિકારો છે અને કેન્દ્ર હસ્તક ચાલતા આ 'અર્ધરાજય' કે 'નગરરાજ્ય' ના વહીવટી વડા તરીકે ઉપરાજયપાલ પાસે પ્રશાસન સેવાઓ, કાયદો અને વ્યવસ્થા તથા પોલીસ અને જમીન સંબંધિત બાબતોનો નિર્ણય કરવાનો અધિકાર છે, તેઓ પોતાના સ્વવિવેકથી આ અંગે જરુરી લાગે ત્યાં રાજય સરકારના મુખ્યમંત્રી સાથે સલાહ-મસલત કરી શકે છે - એ મતલબનું જાહેરનામું બહાર પાડીને કેન્દ્રના ગૃહવિભાગે ઉપરાજયપાલને છૂટો દોર આપી દીધો છે. જો કે આવું જાહેરનામું રાષ્ટ્રપતિની સંમતિ વગર બહાર પાડવું ગેરકાયદેસર હોવાનો નિષ્ણાતોનો અભિપ્રાય છે, પરંતુ કેન્દ્ર સરકાર કોઈ પણ રીતે કેજરીવાલની પાંખો કાપવા કૃતસંકલ્પ છે, એથી આવું પગલું ભરી એણે પોતાની અબાધિત સત્તાનો પરચો બતાવી દીધો છે. ટૂંકમાં, કેન્દ્ર સરકાર મુખ્યમંત્રીને સાઈડલાઈન કરીને ઉપરાજયપાલ મારફત દિલ્હી પર આડકતરું રાજ ચલાવવા માગે છે, તે સ્પષ્ટ થઈ ગયું છે. કેજરીવાલને એમની રાક્ષસી બહુમતી છતાં હાંસિયે ધકેલી દઈ ભાજપના એજન્ડા મુજબ દિલ્હીનું શાસન ચલાવવાની કેન્દ્રની મનોવૃત્તિ ધરાર બિનલોકશાહીવાદી લાગતી હોવા છતાં કોંગ્રેસ જેવો રાષ્ટ્રીય પક્ષ આ મુદ્દે ચૂપ છે. કેજરીવાલની પાંખો કપાય એ કોંગ્રેસને પણ ગમે જ. આખરે એમણે પહેલો હુમલો તો શીલા દિક્ષીતની પંદર વર્ષ જૂની સરકાર પર જ કર્યો હતો. તેઓ પોતે પહેલી વખત શીલા દિક્ષીત વિરુદ્ધ ચૂંટણી લડીને નવી દિલ્હીની વિધાનસભાની બેઠક પરથી વિજયી બન્યા હતા, એ કોંગ્રેસ ભૂલે ખરી? ગૃહમંત્રાલયના જાહેરનામા પાછળ સ્પષ્ટ રાજકીય ગણતરી હોવા છતાં અરૂણ જેટલીએ એનો કુશળ વકીલની અદાથી તાર્કિક બચાવ કર્યો છે. કેન્દ્ર સરકારે આ જાહેરનામું એટલા સારું બહાર પાડ્યું છે કે જેથી કેજરીવાલ સંદેહના આધારે અધિકારીઓની ઓફિસોને તાળાં ન મારી દે! કાર્યવાહક મુખ્યસચિવ તરીકે શ્રીમતી શકુંતલા ગેમલીનની નિમણૂક માટે ઉપરાજયપાલના આદેશનું પાલન કરવા બદલ કેજરી સરકારે અનિંદો મજુમદારની ઓફિસને તાળું મારી દીધું હતું. કેજરીવાલ અને એમના સાથીદારોનો આશય શુદ્ધ હોય તો પણ એમની કાર્યપદ્ધતિમાં અપરિપક્વતા અને ઉતાવળિયાપણું તેમજ બંધારણીય શાસનશૈલીનો પ્રભાવ વરતાય છે. આથી કેન્દ્ર સરકાર માટે એમની પાંખો કાપવાનું કામ સહેલું બની જાય છે. કેજરીવાલને અદાલત પણ કેટલો સહયોગ કરી શકશે તે કહેવું મુશ્કેલ છે, કારણ કે અદાલત બંધારણ બહાર જઈને લેવાયેલ નિર્ણયો બહાલ રાખી શકે નહીં. કેજરીવાલનું અંતિમ શ્રદ્ધાસ્થાનક દિલ્હીની પ્રજા છે. આટઆટલા ગૂંચવાડા અને આમ આદમી પાર્ટીના જૂથવાદ પછી પણ પ્રજાએ કેજરીવાલ પર ભરોસો અકબંધ જાળવી રાખ્યો છે. કેજરીવાલના ૬૭ ધારાસભ્યો સામે ૩ ધારાસભ્યો ધરાવતી ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ દિલ્હીમાં ભાજપ સરકાર રચવાની શક્યતાઓ તપાસી રહ્યા છે, ત્યારે પ્રજા એનો કેવો પ્રતિસાદ પાઠવશે, એ તો સમય જ કહેશે.






નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા સમગ્ર દેશમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, પંચાયતી રાજ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકોના વિકાસ અને કલ્યાણ અર્થે વિવિધ કાર્યક્રમોના આયોજનની પૂર્વ તૈયારીની તાલીમ આપવાના કાર્યક્રમની પૂર્ણાહૂતિ યુથ હોસ્ટેલ સેક્ટર-૧૬ ખાતે કરવામાં આવી હતી. સ્થાનિક યુવા મંડળ, મહિલા મંડળ તથા ગ્રામીણ વિસ્તારના સેવાભાવી સ્વયંસેવકો તથા યુવા કાર્યકરોએ આ 'પુનઃજાગરણ' અભિયાન અંતર્ગત તાલીમ લીધી હતી. યુવકોના માધ્યમથી રાષ્ટ્રીય ફ્લેગશીય જનજાગૃતિ જેમ કે જનધન યોજના, સ્વચ્છ ભારત મિશન, નિર્મલ ભારત અભિયાન અંતર્ગત શૌચાલય નિર્માણ પ્રોત્સાહન, સાંસદ આદર્શગ્રામ યોજના ભાગીદારી સુશાસન અને શ્રમદાન તથા સ્વયંશિતા યુવકોને તૈયાર કરવા પ્રોત્સાહન આપવું તે પુનઃજાગરનો કાર્યક્રમ યોજવામાં આવશે. આ સંદર્ભે આવા યુવાનોને તાલીમ નિવૃત્ત સનદી અધિકારી આઈ.એ. વોરા, નિવૃત્ત આચાર્ય યોગેશ ભટ્ટ, ડૉ. મયુર જોષી, નહેરૂ યુવા કેન્દ્રના ડે. ડાયરેક્ટર રાજ પુરોહિતજી, સંયોજક રજનીકાંત સુથાર તથા ભાનુભાઈ શાહુ દ્વારા આપવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નીમાવત)

## ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદ દ્વારા સન્માન સમારોહ યોજાયો

ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદ, વિદેશ મંત્રાલય, ભારત સરકાર પુરસ્કૃત કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના વિવિધ વિશ્વ વિદ્યાલયોમાં અભ્યાસ કરી રહેલા વિદેશી વિદ્યાર્થીઓના અભ્યાસક્રમો પૂર્ણ થતાં ગઈ કાલે રાજભવન ખાતે યોજાયેલ સમારોહમાં ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા.

આ પ્રસંગે રાજયપાલશ્રીએ જણાવ્યં હતું કે ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદના કાર્યક્રમ અંતર્ગત વિશ્વના વિવિધ દેશોના વિદ્યાર્થીઓને ગુજરાતની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરવાની તક પ્રાપ્ત થઈ છે તે આનંદની વાત છે. વિદ્યાર્થીઓને ભારત દેશ અને ગુજરાતની જીવન શૈલી તથા પરંપરાઓથી પરિચિત થવાનો અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો છે જે તેમના માટે જીવનમાં ખુબ જ ઉપયોગી નિવડશે. તેઓ ભાગ્યશાળી છે કે તેઓને મહાત્મા ગાંધી અને અખંડ ભારતના નિર્માતા શ્રી વલ્લભભાઈ પટેલની પૂણ્યભૂમિ ગુજરાતમાં આવી અભ્યાસ કરવાનો અનેરો અવસર મળ્યો છે.

તેમણે આશા વ્યકત કરી હતી કે ગુજરાતના રોકાણ દરમિયાન વિદ્યાર્થીઓને જે સુખદ અનુભવો થયા છે તેને તેઓ સદાય યાદ રાખશે અને તેઓ ભારત અને રાજયના દૂત બની રહેશે. રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે ભારત હંમેશા થી 'વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવનામાં માને છે. તેમણે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન આપી ઉજ્જવળ ભવિષ્યની કામના વ્યકત કરી હતી.

પ્રારંભમાં શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રાજયની જુદી જુદી યુનિ.ઓમાં અભ્યાસ પૂર્ણ કરનાર વિદેશી વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા અને આશા વ્યકત કરી હતી કે તેમણે પ્રાપ્ત કરેલ જ્ઞાન તેમના દેશ અને સમાજના શ્રેય માટે ઉપયોગી કરશે.

### હરિની દ્રષ્ટિ...




અત્રે ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ષ્પર્ટ, આપણને ૪૫°થી ઉપરના તાપમાનથી કેમ બચવું તેનું ડેમો આપી રહ્યા છે...!!

## દેશમાં વ્યાપેલા વિકાસના વાતાવરણને લોક સમર્થન જરૂરી

ગુજરાત અને દેશમાં શાસન પરિવર્તનને એક વર્ષ પુરૂ થયું છે. લોકજાગૃતિનો જુવાળ પ્રગટ્યો છે. લોકો પૂછતાં થયા છે કે એક વર્ષમાં સરકારે શું કર્યું ? લોકશાહી પ્રજાતંત્ર માટે આ પ્રોત્સાહક બાબત છે.

સામાન્ય ચૂંટણીમાં રાજકીય પક્ષો પોતાના કાર્યક્રમો જાહેર કરે છે. અને તેના સંદર્ભે લોકો મતદાન કરે છે. આથી ચૂંટાયેલા પક્ષની સરકારે વખતોવખત પોતે કરેલી કામગીરીનો અહેવાલ પોતાના મતદારોને-પ્રજાને આપવાનો હોય છે.

રાષ્ટ્રિય કક્ષાએ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં મતદારોએ સ્પષ્ટ બહુમતી સાથે ભારતીય જનતા પક્ષની સરકાર ચૂંટી હતી. સ્વાભાવિક રીતે જ આ સરકારનું એક વર્ષ પૂર્ણ થતાં, ચારેબાજુ કોલાહલ મચ્યો છે : સરકારે શું કર્યું ? વર્તમાનપત્રો અને ટેલિવિજન ચેનલો આ લોક પ્રશ્નોને પોતાની રીતે મુલવી રહ્યાં છે.

એટલું નક્કી છે : છેલ્લી ચૂંટણીએ લોકોમાં ભારે આશાઓ અને અપેક્ષાઓ જગાવી છે. લોકોમાં સ્વાભિમાન પ્રગટ્યુ છે. પરિવર્તનનો પવન ફુંકાયો છે. વિકાસની ઝંખના પ્રબળ બની છે.

તેની વધતી કિંમત રોકી શકાય છે.

પાણી અમૂલ્ય છે, પણ મફત મળે છે તેથી તેનો વ્યય કરવો આપણી આદત બની ગઈ છે. આપણે પાણીના વપરાશને નિયંત્રિત ન કરી શકીએ ?

સતત વિકસતા દેશમાં વીજળીની હંમેશા અછત રહેવાની. નાગરિકો જાગે તો ૨૦ ટકા જેટલી વીજળીની બચત કરવી અસંભવ નથી. આ દિશામાં આપણે વિચારીશુ ?

જાહેર પરિવહન સેવાઓનો વધુ ઉપયોગ કરીને આપણે આયાતી પેટ્રોલ-ડિઝલની બચત કરી શકીએ. તેથી દેશની આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થશે. ચીજ-વસ્તુઓમાં સરકારશ્રી તરફથી અપાતી સબસીડી સમાજનો સંપન્ન વર્ગ ગરીબોની તરફેણમાં જતી કરે તે આજની આવશ્યકતા છે. પ્રધાનમંત્રીશ્રીની આ અંગેની અપીલનો હજી વધારે સંખ્યામાં લોકોએ પ્રતિભાવ આપવો રહ્યો.

આપણે નદીઓને લોકમાતાનું બિરૂદ આપ્યુ છે. નદી કિનારે સંસ્કૃતિઓ વિકસી છે. પણ હવે વિકસતા સમાજના લોકોએ તેનાં પાણી પીવાલાયક કે

## અમને કહેવા દો

**નોંધ :- વાંચકોના મંતવ્યોનો વિભાગ છે તંત્રી મંતવ્ય સાથે સંમત છે એમ માની લેવું નહિ. - સંપાદક**

ભારત જેવા વિશાળ દેશમાં અનેક સમસ્યાઓ છે. રોજગારીની ઉપલબ્ધિ, ભાવવધારા પર નિયંત્રણ, ભ્રષ્ટાચાર અને કાળા નાણાંની નાબુદી વગેરે. આ ઉપરાંત વેપાર-ઉદ્યોગનો વિકાસ કરવો છે. ગામો અને નગરોમાં સુવિધાઓમાં સુધારો કરવો છે. શિક્ષણક્ષેત્રે નવાં પરિણામો સ્થાપવા છે. પરિવહનમાં પ્રગતિ કરવી છે, ગરીબી નાબૂદ કરી તમામ પ્રદેશોનો વિકાસ કરવો છે.

નવી સરકાર પોતાની કામગીરીનો હિસાબ આપી રહી છે. સરકારે વિકાસને જ પ્રાધાન્ય આપ્યુ છે, જે વિશાળ દેશ માટે અનિવાર્ય છે. લોકતંત્રમાં વિકાસ માટે સરકાર સાથે પ્રજાની પણ કેટલીક જવાબદારીઓ ઉભી થાય છે. લોકોની સક્રિય ભાગીદારી થકી જ સરકાર યોજનાઓને મૂર્તિમંત કરી શકે છે. યોજનાઓને લોકો જ ગતિમય રાખી શકે છે. સંક્ષિપ્તમાં અવલોકન કરીએ :

આપણા પ્રધાનમંત્રીશ્રીએ સ્વચ્છ ભારત માટે અપીલ કરી છે. પ્રવાસનના વિકાસ માટે, ગરીબોના આરોગ્યની રક્ષા માટે આપણાં ગામો-નગરો, બસ સ્ટેશન, રેલવે સ્ટેશન, શાક માર્કેટ જેવા જાહેર સ્થળો, આપણી નદીઓ સ્વચ્છ હોય તે ખૂબ જરૂરી છે. આ સ્થળોને ગંદા-પ્રદૂષિત કોણ કરે છે ? નિઃશંકપણે તેના માટે આપણે સૌ જવાબદાર છીએ. વર્ષોની ગંદકીની આદતમાંથી મુક્તિ મેળવવા આપણે દઢ નિશ્ચય કરીશું ?

ચીજ-વસ્તુઓના ભાવ-વધારા માટે અનેક પરિબળો જવાબદાર છે. વળી ચીજ-વસ્તુઓની અછતના સમયે ઉત્પાદક અને વાપરનારા આપણે જાણે-અજાણે સંઘરાખોરી તરફ વળી જઈએ છીએ. સમાજના વ્યાપક હિતમાં આપણે તેનો ત્યાગ કરવો જોઈએ. અછતની સ્થિતિમાં વસ્તુનો વપરાશ નિયંત્રિત કરીને

વાપરવાલાયક રહેવાં દીધા નથી. લોકમાતાનું સન્માન આપણે ક્યારે જાળવતાં થઈશું ?

સમાજના વંચિતોના નિર્વાહની જવાબદારી નિભાવતી મહાજન પરંપરા કેમ નબળી બની છે ? બધાં જ ધર્મોમાં દાનનો મહિમા છે. આપણી આજુબાજુ વસતા વંચિતો તરફ આપણે પુનઃ હાથ ફેલાવીશુ ?

ભ્રષ્ટ્રાચારનો રાક્ષસ ધૂણી રહ્યો છે. આપણા સમાજના લોકોએ જ આ રાક્ષસને પોષ્યો છે, તે બાબત આપણે સ્વીકારીશું ? રોજબરોજના વ્યવહારમાં ભ્રષ્ટાચારીઓનો સામાજિક બહિષ્કાર આપણે ક્યારે કરીશું ? સરકારી વેરા ભરવામાં આપણે કેટલા પ્રાંમાણિક છીએ ? ઉદ્યોગકારો, વેપારીઓ, વાપરનારાઓ આ સંદર્ભમાં વિશેષ જાગૃતિ બતાવશે તો નવા વેરા નહિ આવે.

નવી સરકારની પેન્શન યોજના, જીવન વીમા યોજના, સુરક્ષા વીમા યોજના નબળા વર્ગો માટે આશીર્વાદરૂપ છે. આપણી આજુબાજુ વસતા, આપણને સેવાઓ આપતા વર્ગને તેનો લાભ મળે તે માટે આપણે સક્રિય થઈશુ ? સમાજની આર્થિક સમરસતા જળવાઈ રહે તે માટે આ બહુ ઉપયોગી યોજનાઓ છે.

લોક કલ્યાણના માર્ગે વર્ષ દરમિયાન સરકારે શું કર્યું તે સરકારને જરૂર પૂછીએ. તે આપણો અધિકાર છે. સાથોસાથ વર્ષ દરમિયાન વિકાસના માર્ગે, સામાજિક સમરસતાની દિશામાં આપણે કેટલાં કદમ ઊઠાવ્યાં તે પણ આપણી જાતને પૂછીએ. આત્મનિરીક્ષણ કરીએ. જોતજોતામાં વિકાસની ગતિ બેવડાઈ જશે. લોકશાહી પ્રજાતંત્ર ગૌરવાંકિત બનશે. બે હાથની તાળી સંવાદની પ્રતીતિ કરાવે છે. ને સંવાદ છે ત્યાં વિકાસ મહોરી ઊઠે છે.

**- જ્યોતીન્દ્ર દવે**


## એક વર્ષ... ૩૬૫ દિવસ... : દિશા સાચી, ઝડપ ધીમી...!!!

એક વર્ષ....૩૬૫ દિવસ..!!! આમતો પાંચ વર્ષના હિસાબે જુઓ તો એક વર્ષ એટલે ૨૦ થયું અને પુરા પાંચ વર્ષની રીતે જુઓ તો કોઈનું એક વર્ષના આધારે મૂલ્યાંકન કરવું થોડું વધુ પડતું અને કદાચ ઉતાવળીયું પણ કહેવાય. આ તો એના જેવું થયું કે ૫૦-૫૦ ઓવરની મેચમાં પહેલી ૧૦ ઓવર પરથી હારજીતનો ફેસલો કરી લેવો પણ અમુક મેચો એવી હોય છે જેના પરિણામની પ્રતીક્ષા પહેલો બોલ ફેંકાય એ સાથે જ શરુ થઈ જતી હોય છે અને એવી જ એક મેચ એટલે મોદી સરકાર. આ જ જગ્યાએ આજથી એકાદ વર્ષ પહેલા નરેન્દ્ર મોદીની શપથવિધિ વખતે લખેલું કે આ મોદી સરકારની નહિ પણ ૧૨૫ કરોડ જનતાની આશાઓ, સ્વમાન, વિકાસ અને વિશ્વાસની શપથવિધિ છે. આજે એ વાતને ૩૬૫ દિવસ વીતી ગયા છે, આગળ કહ્યું એમ કોઈ સરકારને જજ કરવા માટે એક વર્ષનો સમયગાળો ઘણો જ ઓછો કહેવાય છતાં પણ આ એક વર્ષમાં નરેન્દ્ર મોદીની સરકાર જનતાની આશાઓ પર કેટલી ખરી ઉતરી એનું શક્ય એટલું સમતોલ વિશ્લેષણ કરવાની કોશિશ કરીએ.

એક વર્ષ...૩૬૫ દિવસ.... ભારતની જનતાએ ત્રણ ત્રણ દાયકા પછી કોઈ એક પક્ષને સમ્પૂર્ણ બહુમતીથી દિલ્હીનું શાસન સંભાળતા જોઈ... દેશે સજળ નયને સંસદની સીડીઓને વંદન કરતા પહેલા વડાપ્રધાન જોયા...દેશે સંસદના સયુક્ત સત્રમાં લાગણીઓ છલકતી જોઈ... દેશે સૌથી તાકાતવાર માણસને રસ્તા પર ઝાડું ફેરવતા જોયો....દેશે પહેલીવાર પ્રધાનોના ક્લાસ લેવાતા જોયા...દેશે જગતની શક્તિશાળી સરકારોના વડાઓને હિન્દુસ્તાનમાં આવતા જોયા...દેશે જોયું કે એક સામાન્ય ઈન્સાન પણ અમેરીકા જેવા રાષ્ટ્રના પ્રમુખને નામથી બોલાવી શકે છે....દેશે લાખો રૂપિયાના સુટ પહેરલા પી.એમ. પણ જોયા અને પછીથી એ સુટની હરરાજી પણ જોઈ...દેશે એ પણ જોયું કે ખરેખર કાળું નાણું એ ફક્ત એક ચુનાવી નારો જ હતો.....દેશે એ પણ જોયું કે રાજકારણીઓ માટે અબી બોલા અબી ફોક એ વાક્ય નહિ પણ આદત પણ હોય જ છે અને આ બાબતમાં બધા જ રાજકારણીઓ સરખા જ હોય છે...૩૬૫ દિવસ...એક સાલ...એક વર્ષ...દેશે ઘણું જોયું...!!!!

એક વર્ષ...૩૬૫ દિવસ.....દેશે સાઉથ અને નોર્થ બ્લોક સહિતની સરકારી કચેરીઓમાં બરાબર સમયે કામે આવતા કર્મચારીઓ જોયા.... દેશે ખાલી કર્મચારી જ નહિ પણ નિયમિત દફતરોમાં હાજરી આપતા પ્રધાનો પણ જોયા.....દેશે એક વર્ષમાં પાછલી સરકારોમાં જોયેલા એવા કોઈ ગંભીર કહી શકાય એવા અધિકારી અને પ્રધાનો વચ્ચેના યુદ્ધ ના જોયા.... દેશે વહીવટીતંત્ર પર સરકારની પકડ છે એનો અનુભવ કર્યો....હા પણ દેશે રાજયપાલોની નિમણુક કે હકાલપટ્ટીના વિવાદો તો હરેક સરકારમાં જોવા મળે છે એવા જ આ સરકારમાં પણ જોયા....દેશે શપથવિધિમાં સાર્ક દેશોના નેતાઓને ગળે મળતા કે હાથ મિલાવતા જોયા...દેશે રેલ્વેની કાયાપલટ થઈ શકે છે એવો વિશ્વાસ જોયો.....ધીમી પણ મક્કમ ગતિએ રેલ્વેમાં થતા સુધારાઓ જોયા...દેશ હજુ ઉત્સુકતાથી બુલેટ ટ્રેનની પણ રાહ જુએ જ છે... આશાઓ પર દુનિયા કાયમ છે અને એમાયે આ તો હિન્દુસ્તાન !!!....૩૬૫ દિવસમાં દેશે જોયેલા સપનાઓની શરૂઆત જોઈ છે... કેટલાક સપનાઓ અત્યારે તો ચકનાચૂર થતા લાગે છે અને કેટલાક જરૂર મંજીલે પહોચશે એ પણ નક્કી છે...સવાલ છે સમયનો અને સરકારના બાકીના ચાર વર્ષોનો.!!!!

એક વર્ષ...૩૬૫ દિવસ....દેશે બધું સારું સારું જ જોયું એમ લખવા બેસીસ તો લેખનું સંતુલન બગડી જશે અને હકીકતમાં સારું સારું શું થયું છે એ જાણતા પહેલા અબ કી બાર મોદી સરકાર એક વર્ષમાં ક્યાં ક્યાં વિષયમાં ૧૦૦ માં થી ૩૫ માર્ક પણ નથી લાવી શકી એ જાણવું ઈનફેક્ટ લખવું વધુ અગત્યનું છે અને એમાં સૌથી પહેલું સુઝે છે કાળું નાણું. ચુનાવી જુમલાઓ અને વાયદાઓ એક તરફ રાખીએ તો પણ એ હકીકત છે કે કાળા નાણાની ઘર વાપસીના અત્યારે તો કોઈ એંધાણ નજરે પડતા નથી. દરેકના બેંક ખાતામાં ૧૫ લાખ જમા થશે એ ચુનાવી જુમલો હતો એવું તો ખુદ કહેનારા જ માની ચુક્યા છે પણ હા, એક સીટની રચના જરૂર થઈ છે અને કદાચ વહીવટી આડશો અને આંતર્રાષ્ટ્રીય અડચણો દુર થઈ શકે તો કમ સે કમ કાળાનાણાની સાચી વાસ્તવિકતા દેશને જાણવા મળે. આવું જ બન્યું રોજગારીની તકો સાથે. એક વર્ષમાં રોજગારીના ક્ષેત્રે કોઈ ખાસ સુધારો હજુ સુધી તો જોવા નથી મળ્યો. આવનારા વીસ વર્ષો સુધી દર વર્ષે ૧૦ લાખ નોકરીનો વાયદો મોદી સરકારના પહેલા વર્ષમાં તો પૂરો નથી જ થઈ શક્યો. યુવાનો કે જેમણે આ સરકારને જીતાડવામાં તનતોડ મહેનત કરી છે એમણે હાલ તો કોઈ ખાસ દેખીતો ફાયદો નથી પણ હા, પ્રધાનમંત્રીના મહત્વાકાંક્ષી મેક ઈન ઈન્ડિયાનો ફાયદો આવનારા વર્ષોમાં ચોક્કસ થશે અને હજુ દેશનો યુવાન એટલો ઉબકી પણ નથી ગયો કે વિરોધના મોરચા શરુ થાય.



**રજળપાટ**

**અજય ઉપાધ્યાય**

akurjt@gmail.com

એક વર્ષ...૩૬૫ દિવસ...દેશે આગલી સરકારના કાર્યકાળની જેમ જ અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિનો માર સહન કરીને આપઘાત કરતા ખેડૂતો જોયા.... એક તો લેન્ડ બીલના મામલે મોદી સરકારની છાપ કિસાન વિરોધી ગણાવાઈ રહી હતી એમાં કિસાનોની આત્મહત્યાએ મોદી સરકારને બેક ફૂટ પર ધકેલી દીધી. ગઈ સરકારના જવાના સૌથી મોટા બે કારણો હતા...એક તો ભ્રષ્ટાચાર અને બીજું મોંઘવારી. ભ્રષ્ટાચારની વાત કરતા પહેલા એની સખેદ નોંધ લેવી ઘટે કે મોદી સરકારના એક વર્ષમાં મોંઘવારીમાં કોઈ ખાસ ઘટાડો નથી થયો હા પણ સાથે સાથે એ પણ નોંધવું ઘટે કે આગલી સરકારની જેમ આ એક વર્ષમાં મોંઘવારી બેકાબુ કે ફાટીને ધુમાડે પણ નથી ગઈ. પેટ્રોલ ડીઝલના ભાવ હમણાં હમણાં થયેલા વધારાને બાદ કરતા સમગ્ર વર્ષ દરમ્યાન ઘટતા રહ્યા અથવા કાબુમાં રહ્યા એ મોંઘવારીમાં આંશિક રાહત ગણી શકાય.

એક વર્ષ...૩૬૫ દિવસ...દેશે અનેક યોજનાઓને અમલમાં આવતી જોઈ ભલે વિરોધપક્ષો એમ કહેતા ફરે (ને કદાચ એમની અમુક વાત સાચી પણ હશે) કે મોટાભાગની યોજના આગલી સરકારની હતી જે આ સરકારે નામ બદલીને આગળ વધારી છે. જનધન યોજના, બેટી બચાઓ કે પછી પ્રધાનમંત્રી સુરક્ષા યોજના. સરકારનું વહીવટી તંત્ર હમેશા કોઈને કોઈ યોજનાઓ/રૂપરેખાઓ અંતર્ગત જ કામ કરતું હોય છે અને આ ફક્ત ભારતમાં નહિ પણ વિશ્વભરની સરકારો માટે લાગુ પડતો સર્વસામાન્ય નિયમ છે. યોજનાઓ કઈ રીતે અને કેટલી વ્યાપકત્તાથી લાગુ કરાય છે એના પર જ એની સફળતાનો આધાર હોય છે. મોદીની વહીવટીતંત્ર પરની પકડને જોતા આ યોજનાઓની સફળતા પર કોઈ શંકા નથી, જનધન યોજનામાં જમા થયેલા રૂપિયાનો આંકડો આનું સફળ ઉદાહરણ છે જ. ગંગા સફાઈ માટે આગલી સરકારોએ જે પ્રયત્નો કર્યા હોય એ પણ આ એક વર્ષમાં ૨૦૦૦ કરોડનું બજેટ ફાળવીને આ સરકારે ગંગા સફાઈ પરત્વેની પોતાની સજ્જત્તા નું પ્રમાણ આપી દીધું છે. બ્રિટનના મેગેઝીન 'ધ ઈકોનીમીસ્ટ લખે છે કે જનકલ્યાણની આ યોજનાઓ મોદી સરકારની સિદ્ધિ છે અને સરકાર સાચા રસ્તે છે. આવનારા વર્ષોમાં ભારત વિશ્વની ત્રણ મોટી અર્થ વ્યવસ્થા ધરાવતો દેશ બનશે ત્યારે મજબુત બની રહેલી ભારતની અર્થ વ્યવસ્થા જ ભારતના હિતમાં રહેશે.. મેગેજીનનું માનવું છે કે મોદી સરકાર ચોક્કસ ૭.૫ નો જીડીપી ગ્રોથ હાસિલ કરીને આવનારા વર્ષોમાં ચીનને પાછળ છોડી દેશે.

એક વર્ષ...૩૬૫ દિવસ...!! ગુજરાતના તોફાનોની વરવી યાદો જેના શાસન સાથે જોડાયેલી હોય ત્યારે સ્વાભાવીકપણે કોમવાદી તાકતો માથું ચકશે એવો ભય રાખવો અસ્થાને ના ગણાય પણ મોદી સરકારના એક વર્ષમાં ગંભીર કહી શકાય એવી કોમવાદી ઘટનાઓ જોવા નથી મળી. હા, પ્રધાનમંત્રી પોતે સતત એ ખ્યાલ રાખી રહ્યા છે કે એમની સરકાર કયાય પણ કોમવાદી ઘટનાઓમાં સંડોવાઈ નહિ પણ ઘરવાપસી જેવા તાપણા છતાયે શેકાતા રહ્યા એ પણ હકીકત છે. જેને લીધે અલ્પસંખ્યકોનો પૂર્ણ વિશ્વાસ હજુ દેખાઈ આવતો નથી જેને આવનારા વર્ષોમાં મોદી સરકારે જીતવો જ રહ્યો. અત્યાર સુધી તો મોદી ભાજપની ભગીની સંસ્થાઓ ને પોતાની સરકારથી દુર રાખવામાં સફળ રહ્યા છે એટલે તો મોદી સરકારને એક સાલ પૂર્ણ થયાને ગણાવાતી સીધ્ધીઓથી આરએસએસ નાખુશ છે. જો કે એમની જ સરકારના અમુક લોકો એ બેતુકા બયાનો આપીને મોદી માટે અને સરકારની નિષ્ઠા માટે સંકટો ઉભા કરવાનું કામ ચાલુ રાખ્યું છે.

એક વર્ષ...૩૬૫ દિવસ...!!!! દેશે ઓલમોસ્ટ આખાયે વિશ્વમાં ભ્રમણ કરતા વડાપ્રધાન જોયા.... જયાં એમને વિઝાની સદંતર મનાઈ હતી ત્યાં પણ લાલ જાજમ પર ડગ માંડતા વડાપ્રધાન જોયા...દેશે ભૂતાન અને નેપાળ જેવા રાષ્ટ્રોને હુંફ આપતી સરકાર જોઈ...દેશે પ્રધાન હોવા છતાં વિદેશ નાં જતા વિદેશ પ્રધાન જોયા...દેશે પહેલી વાર સરકાર એટલે મોદી અને મોદી એટલે સરકાર એવો જબરદસ્ત પ્રભાવ ધરાવતા નેતા જોયા... દેશે જમ્મુ અને કાશ્મીરમાં સરકાર માટે સમાધાન કરતું ભાજપ જોયું...દેશે હજુ એક વર્ષ પહેલાના સ્વભાવથી વિપરીત ભાજપ વિરુદ્ધ મતદાન કરતી દિલ્હીની જનતા જોઈ... દેશે મહારાષ્ટ્રમાં ભાજપની સરકાર જોઈ.. દેશે કોલ અને સ્પેક્ટ્રમના ફાયદાકારક ઓક્શન જોયા...દેશે લગભગ સમજાય નહિ એવી ટેક્ષ સીસ્ટમ જોઈ ..દેશે લગભગ સુન્નમુન્ન થયેલા વિરોધપક્ષો જોયા... દેશે પોતાને અલગ માનતા પૂર્વોતર રાજયોના વિકાસ માટે કટિબદ્ધ વડાપ્રધાન જોયો...દેશે યમનમાં ફસાયેલા ભારતીયોને બહાદુરીપૂર્વક બચાવતી સરકાર જોઈ...દેશે નેપાળના ભૂકંપમાં પડોશીધર્મ બજાવતી ત્વરિત સરકાર જોઈ.. દેશે એક એવું વર્ષ જોયું કે જેના ૩૬૫ દિવસમાં કેન્દ્ર સરકારનું કોઈ કૌભાંડ બહાર નાં આવ્યું હોય.... દેશે સુરક્ષાદળોને આત્મનિર્ભર બનાવવાની દિશામાં મંડાતા મક્કમ પગલાઓ જોયા... દેશે કાશ્મીરના પુરપીડિતો વચ્ચે અને સિયા ચીન પરના જવાનો વચ્ચે તહેવાર ઉજવતા વડપ્રધાન જોયા... દેશે સુનકાર વડાપ્રધાન કાર્યાલયને બદલે બોલતા વડાપ્રધાન જોયા...દેશે ભલે એમની હોય પણ મન ની વાત સંભળાવતા રાજકારણી જોયા...!!

એક વર્ષ...૩૬૫ દિવસ....!! આખા વર્ષનું સરવૈયું કાઢતા એટલો નિષ્કર્ષ આવે કે કદાચ જનતાની અપેક્ષા પર કમ સે કમ આ એક વર્ષમાં કોઈ ખાસ કામ નથી થયું અથવા તો ચુનાવી કે રાજકીય ભાષામાં એમ કહી શકાય કે આપેલા વાયદાઓ બહુધા પુરા નથી થયા,પણ હા આગલી સરકારના બગડેલા વહીવટી અને આર્થિકતંત્રને ફરીથી પાટે લાવવા માટે એક વર્ષ ઘણો ઓછો સમયગાળો કહેવાય એ વાતમાં તો વિરોધીઓ પણ હા જ પાડશે. લોકસભાની ચૂંટણી સમયે ભાજપે ઘણા બધા વાયદાઓ કરેલા છે હવે સમય પાકી ગયો છે કે એમના થોડા સફળ થતા કે પૂર્ણ થતા દેખાય આવે. હજુ એક જ વર્ષ થયું છે અને વિરોધીઓને નાં ગમે તો પણ એ વાત સત્ય છે કે હજુ જનતા મોદી સરકારને વધુ સમય આપવા માંગે છે અને હજુ તો ૧૨ જ મહિના થયા છે..ને આમ પણ પ્રજાએ પાંચ વર્ષ માટે મેન્ડેટ આપ્યો છે, અને વાયદાઓની સાર્થકતા પણ પાંચ વર્ષની અવધીને ધ્યાનમાં રાખીને જ મુલ્યાન્વિત થવી જોઈએ.. એટલે. પિક્ચર અભી બાકી હે મેરે દોસ્ત...!!

એક વર્ષ... ૩૬૫ દિવસ...!! દેશે ઘણું જોયું.....પણ હવે દેશ જોવા માંગે છે વિદેશની બદલે રાજયોના પ્રવાસે નીકળતા વડાપ્રધાન...દેશ ને જોવું છે વારતહેવારે સીમા પર છમકલું કરી જતા પાકિસ્તાનીઓને એમની જ ભાષામાં કરારો જવાબ... દેશને જોવી છે જીડીપીની નવી ચાઈ.....દેશને જોવા છે કિસાનોના હસતા ચમકતા ચહેરાઓ....દેશને જોવા છે ભારતમાં જ બનતી ચીજો માટે લાઈનમાં ઉભા રહેતા વૈશ્વિક વેપારીઓ...!! દેશને જોવા છે પુરા થતા વાયદાઓ... દેશને જોવા છે સુરક્ષિત સીમાડાઓ..!! એક વર્ષ પૂરું થયા નિમિત્તે કરાયેલા લગભગ સર્વેમાં મોદી સરકારની કામગીરીને બહુ ખરાબ નહિ તો બહુ સારી પણ નહિ એવા રેંકિંગ મળ્યા છે... નરેન્દ્ર મોદી અને એમના સાથીઓએ આની નોંધ લેવી જ પડે. પાંચ વર્ષની દ્રષ્ટીએ એક વર્ષ ઓછો સમય છે પણ આ એક વર્ષમાં ચોક્કસપણે આર્થિક અને વિદેશનીતિ બાબતે સાચી દિશામાં કામ થઈ રહ્યું છે પણ હજુ આરોગ્ય, શિક્ષણ, રોજગાર, માર્ગપરિવહન કે કૃષિ ક્ષેત્રે કાંઈ ખાસ પ્રગતી નથી થઈ એવા સમયે આવનારા ચાર વર્ષો મોદી સરકારે સુધારાની ધીમી ચાલને તેજ કરવી પડશે અને ઈન્ડિયા ફર્સ્ટ નો નારો પૂરી નિષ્ઠા સાથે પુરજોશમાં આગળ કરવો પડશે તો જ સાચા અર્થમાં એકાદ વર્ષ પછી અચ્છે દિનની શરૂઆત થશે...!!!